**<u>ઇન્જેકશન મોલ્ડિંગના વ્યવસાયમાં ઉદ્ભવતી પ્રોડક્શન – ગુણવત્તા કે વ્યવસાયિક સંચાલન ક્ષમતાઓમાં વધારો કરી ઉજ્જવળ સફળતા માટે અનુભવી તજજ્ઞ દ્વારા સમાધાન અને માર્ગદર્શન કાર્યશાળા (વર્કશોપ)</u>**

GSPMA અને PUM (નેધરલેન્ડના નિવૃત વ્યાવસાયિક સ્વયંસેવકોનું સંગઠન)ના સંયુક્ત ઉપક્રમે ઇન્જેકશન મોલ્ડિંગના વ્યવસાયિકો માટે વિશેષ નેધરલેન્ડથી આવનાર ચાર દાયકાથી વધુ ઇન્જેકશન મોલ્ડિંગ ક્ષેત્રે કાર્યરત નિષ્ણાંત સાથે વ્યવસાયને લગતા તમામ પાસાઓ ઉપરની કાર્યશાળાનું આયોજન કરી રહ્યા છીએ.

**કાર્યશાળાના તજજ્ઞ: શ્રી ડર્ક વર્મીર** કે જેઓ ચાર દાયકા ઉપરાંતથી ઇન્જેકશન મોલ્ડિંગ ક્ષેત્રે મશીનરી ઉત્પાદન કે મશીનરી એન્જિનિયરિંગ, તેના ઓટોમેશન પ્રક્રિયાઓ સાથે સીધા જોડાયેલ અને નવા ઉત્પાદો માટેની સમગ્ર ઉત્પાદન પ્રક્રિયા લાઇનને નેધરલેન્ડ ઉપરાંત યુરોપ, રશિયા, આફ્રિકા જેવા અનેકવિધ દેશોમાં અટકી કે બંધ પડેલ કે મર્જર થકી ફેક્ટરીઓ ઊભી કરવી અને તેનું સૂચરું રૂપે સંચાલન ગોઠવણીના અનુભવી તેમજ આ વ્યવસાયમાં ઉદ્ભવતી આકસ્મિક કે ટેકનિકલ મુશ્કેલીઓના નિવારણ કે ધંધાના સંચાલનમાં ઊભી થતી મુશ્કેલીઓના નિવારણના સ્વાનુભવી વ્યવસાયના વિવિધ તબક્કાઓ પર કાર્યકરી નિવૃત થયેલ વ્યવસાયિક સિદ્ધહસ્ત.

**કાર્યશાળાનો ઉદેશ:**

- ઇન્જેકશન મોલ્ડિંગ અને એક્ષટરુઝન મશીનરી ઉત્પાદકો અને તેના વપરાશકાર ઉદ્યોગ સાહસિકો
- ઇન્જેક્શન મોલ્ડિંગ અને એક્ષટરુઝન પ્રક્રિયાઓને અપગ્રેડ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- કાર્યસ્થળની ટેકનિકલ સમસ્યાઓના ઉકેલ માટે માર્ગદર્શન
- પ્રોડક્શન સમય મર્યાદાઓમાં અનુકૂળતા સાધવાના વિવિધ સમયે ઊભી થતી ખામીઓનું નિવારણ કરી પ્રોડક્ટ રિજેક્શન દર ઘટાડવા માર્ગદર્શન
- અદ્યતન મુશ્કેલી નિવારણ તકનીકો, નબળી ઉત્પાદન પ્રણાલીઓમાં સુધારની સાથે ફેકટરીની ઊર્જા કાર્યક્ષમતામાં વધારા માટે પ્રેક્ટિકલ માર્ગદર્શન. (જરૂરીયાત મુજબ મશીનરી ઉત્પાદક કે ઉત્પાદક પ્રોસેસરને ત્યાં મુલાકાત)

- ઉત્પાદન ગુણવત્તામાં વધારો, સંચાલન ખર્ચમાં ઘટાડા થકી આંતરરાષ્ટ્રીય ઉત્પાદન ધોરણો હાંસલ કરવા પ્રત્યક્ષ સલાહ – સૂચનો અને અનુભવજન્ય પથ નિર્દેશન.

**કાર્યશાળા સમય અવધિ:**

ઓગસ્ટ ૧૬ થી ૨૨ વચ્ચે **આપના શહેર કે તેની નજીકમાં** – વધુ માહિતી માટે સંપર્ક કરો

**કાર્યશાળામાં કોણ ભાગ લઈ શકે(GSPMAના સભ્યોને પ્રાથમિકતા પરંતુ જરૂરીયાત નહીં):**

- ઇન્જેકશન મોલ્ડિંગ અને એક્ષટરુઝન મશીનરી ઉત્પાદકો અને નવા મશીનો બનાવવા ઇચ્છુક ઉદ્યોગકાર
- ઇન્જેકશન મોલ્ડિંગ અને એક્ષટરુઝન થકી ઉત્પાદકો બનાવતા વ્યવસાયિકો
- ઉત્પાદકો કે જે નવી ઉત્પાદક લાઇન ઊભી કરવા ઈચ્છા ધરાવે છે.
- ઉદ્યોગ સાહસિકો કે જે ઇન્જેકશન મોલ્ડિંગ ક્ષેત્રે કારકિર્દી આરંભ કરવા ઈચ્છુક છે.
- ઇન્જેકશન મોલ્ડિંગ થકી ઉત્પાદન સાથે સંકળાયેલ ઉત્પાદન નિયામનકારો (પ્રોડક્શન મેનેજર) કે ઉત્પાદન સાથે સીધા સંકળાયેલ ઉચ્ચ પદાધિકારી
- ઇન્જેકશન મોલ્ડિંગ ક્ષેત્રે કન્સલ્ટિંગ આપતા વ્યવસાયિકો

**આ કાર્યશાળામાં જોડાવાના ફાયદાઓ:**

- આપના વ્યવસાયમાં ઉદ્ભવતી ઉચ્ચ આંતરરાષ્ટ્રીય ગુણવત્તા યુક્ત ઉત્પાદન મેળવવા ક્ષમતા
- આપના મશીનમાં ઉત્પાદન સમયે પેદા થતી ટેકનિકલ ખામીઓનું સચોટ – કાયમી ઉપાય
- આપના વ્યવસાયિક સ્થળે દૈનિક સંચાલન ક્ષમતામાં સુધારાઓ થકી સફળતાનો રસ્તો

**કાર્યશાળા માટે નામાંકન અને વધુ માહિતી માટે સંપર્ક:** GSPMA ઓફિસ: +91-9274000911 કે +91-9274000811 કે info@gspma.in